# નૂતન સંવત્સરમાં શ્રી શક્તિનિકેતન મંદિરની કથા

**ધર્મ દર્શન** — બાળકૃષ્ણ વડનેરે

જયાં ભક્તિ છે. ત્યાં શક્તિ છે ત્યાં જ સત્ય, સત્વ, સ્ર્વસ્વ છે.

આસવ સુદ એકમથી શારદીય નવરાત્ર ઉત્સવનો પ્રારંભ થાય અને દશોરો વિજયમુહૂર્ત સુધી આદીમાયા શક્તિ દેવીનું પૂજન અર્ચન દેવી ઉપાસકો કરતા હોય છે.

સમગ્ર ભારત દેશમાં શક્તિમાતાની આરાધના થાય છે. દેવ અને દેવીઓના કૃપા પ્રસાદથી માનવ જાતીનું કલ્યાણ થયું છે. સંવર્ધન અને રક્ષણ થયું છે. નવદુર્ગા દેવીઓનો પરાક્રમી જીવંત ઈતિહાસ છે. દુષ્ટ દૈત્યો, કૃપણ રાક્ષસો, માનવભક્ષી દાનવો તથા જુલમી, મનુષ્ય ઘાતકી ક્રુર સ્વભાવી રાજ-કર્તાઓને શક્તિદેવીએ પરાભૂત કરીને માનવમૂર્તીનું રક્ષણ કર્યુંછે. એટલે જ દેવોએ પણ આદી માયા શક્તિનું પુજન કર્યું છે. એમના ગુણોનું વર્ણ કર્યું છે.

ભારતમાં સર્વત્ર શક્તિમાતાના ભવ્ય દિવ્ય મંદિરો ઊભા થયા છે. મંદિરોની વિશાલતા, મહિમા અને ભકતો પરની મા શક્તિદેવીની કૃપા અદ્દભૂત અને અલૌકિક છે.

ગુજરાત પ્રદેશમાં અનેક જગ્યા પર શક્તિ નવદુર્ગાના પ્રસિદ્ધ સ્થાનકો છે, જેનો સુવર્ણાંકિત દિવ્ય ઈતિહાસ છે અને દેવી ભકતો પર નવદુર્ગા દેવીનો કૃપા પ્રસાદનો આશિષ પ્રકાશ દષ્ટિગોચર થાય છે. અનેક અશકય એવી ઘટનાઓને શક્તિકૃપાથી લાભ થયો છે અને શુષ્ક, જીવન લીલુછમ બન્યું છે.

સુરતમાં તાપી નદીના પશ્ચિમ કિનારા પર ‘શક્તિનિકેતન મંદિરની સ્થાપના દેવી ભકતોને શક્તિમાની ભેટ છે. ભકતોનો વિશ્વાસ, અંતરિક લાગણી, નિષ્ઠા અને તપશ્ચર્યાના ફળ રૂપે શક્તિ મંદિરો નિર્માણ થાય છે અને માતાજી સ્વયં મંદિરોના આસન પર બિરાજે છે.

જેટલા પણ મંદિરો સ્થપાયા તેનો ઈતિહાસ તપાસો તો દેખાઈ આવશે કે પ્રથમ તો માનું મંદિર ભકતના મનમાં ઉભુ થાય છે. પછી ભકતની પ્રમાણિકતા, ધ્યાસ



અને સહનશીલતા તેને શક્તિ માનું દર્શન કરાવે છે અને મા સ્વયંભકતને મદદરૂપ બનીને સહાય કરે છે. સુરતના માતાજીના મંદિરોની કથામાં એનો જ પરિચય મળે છે. સુરતની સાત્વિકતામાં ભકતોની શ્રદ્ધા દેખાય છે. સુર્યપુત્રી તાપી નદીને રાંદેર અડાજણને જોડતા મુખ્ય ત્રણ મજબૂત બ્રીજ છે અને લો લેવલ પુલને પુરો કરો કે પશ્ચિમ તટે મા શક્તિ ભગવતીનું ત્રણ શિખરીય કળશવાળું શ્રી શક્તિનિકેતન મંદિરે સ્થાપન થયું છે અને દેવી ભકતનું સ્વપ્ન સાકાર થયું છે. માતાજીની અષ્ટભૂજ મૂર્તિ ભકતો પર પ્રસન્ન છે. તાપી નદીના પશ્ચિમ કાંઠે જય અંબે સોસાયટીમાં આ મંદિરની નિર્માણની સુખદ કલ્પના ઈ.સ. 1972માં સુરત ચોપાટી રોડ વિસ્તારના અંબિકાનિકેતન મંદિરના દેવી ભકત સ્વ. ભારતીમૈયાએ કરી હતી. જય અંબે સોસાયટીમાં પ્લોટ નં. 141 પર નવું અંબાજીનું મંદિર બાંધવાનો સુજ્ઞ અને દૈવી અનુરોધ એમને કર્યો હતો. જે હાલ આ વિસ્તારમાં મુખ્ય માર્ગની ધાર્મિકતા વધારી રહ્યો છે.

સ્વ. દેવી સ્વરૂપ પરમપૂજય ભારતી મૈયાના પ્રેક્ષક આશીર્વાદથી મંદિરનો શીલાન્યાસ થયો. સોસયાટી ના આયોજક શ્રી બીપીનભાઈ દલાલ તથા શ્રી રજનીકાંત ગોળવાળાએ કર્ણ ભક્તિરૂપે માતબર દાન આપી દાનવીરોની સુચી પ્રારંભ કરી ઈ.સ.1992ના પ્રમુખ બનેલા શ્રી લાલજીભાઈ ડોબરિયા તથા સેક્રેટરી શ્રી ચિમનલાલ સાદડીવાલાના બહુમોલ પ્રયત્નથી જયઅંબે ટ્રસ્ટ રજીસ્ટર થયું. રજીસ્ટરનાં A -2249 સુરત મળ્યો. સ્વ. બળવંતભાઈ મિસ્ત્રીએ મોટો ફાળો આપ્યો હતો.

વર્ષોથી અપૂર્ણ રહેલા કાર્ય પૂર્ણાવસ્થામાં લઈ જવા માટે મુખ્ય ટ્રસ્ટી શ્રી લાલજીભાઈ ડોબરીયાએ બધા જ કાર્યકરોને એકત્રિત કરીને સમસ્ત જય અંબે પરિવાર સભ્યોએ પરમપૂજશ્રી પ્રફુલભાઈ શુકલજી ખેરગામવાળાની ભગવત કથાનું આયોજન કર્યું અને આ કાર્યક્રમને ભકતોએ દીલથી અનેરો સાથ સહકાર આપ્યો. આર્થિક દાનનો વર્ષાન થયો. ભકતોનો ઉત્સાહ વધ્યો અને દેવી ભકતોની મનોવાંછિત ઈચ્છાપૂર્ણ થવા લાગી. ભકતોની શ્રદ્ધા, નિષ્ઠા, લાગણી અને ભક્તિનું સુંદર સુહામણું શ્રી શક્તિનિકેતન મંદિર સાકાર થયું. ભવ્ય દિવ્ય ત્રિશિખરીય મંદિર ધ્વજાથી સંપન્ન બન્યું.

મહા સુદ 11 ને શનિવાર દિ. 26-1-1991ના પરમ શુભ દિવસે પરમ પૂજય સ્વ. ભારતીય મૈયાના વરદ હસ્તે દિપ પ્રાગટય અને પ્રથમ આરતી થયા પછી શ્રી શક્તિનિકેતન મંદિર દર્શનાર્થીઓ માટે ખુલ્લું મુકવામાં


> સુરતમાં તાપી નદીના પશ્ચિમ કિનારા પર ‘શક્તિનિકેતન મંદિરની સ્થાપના દેવી ભકતોને શક્તિમાની ભેટ છે. ભકતોનો વિશ્વાસ, અંતરિક લાગણી, નિષ્ઠા અને તપશ્ચર્યાના ફળ રૂપે શક્તિ મંદિરો નિર્માણ થાય છે અને માતાજી સ્વયં મંદિરોના આસન પર બિરાજે છે

આવ્યું. જય અંબેના નિનાદ સાથે. મંદિરમાની સર્વ મૂર્તિઓ શ્રી લક્ષ્મી મૂર્તિ મ્યુઝિયમ જયપુરમાં ઘડવામાં આવી છે. ત્રણ શિખરો ધાગંધ્રાના પથ્થરના છે. મંદિરમાં નાની યજ્ઞશાળા પણ છે. મંદિર પરિસરમાં અષ્ટભુજા અંબિકા, શ્રી ગણેશજી, શ્રી રામ પરિવાર, રાધાકૃષ્ણની જોડી, હનુમાનજી શિવ પરિવાર મહાલક્ષ્મીજીની મૂર્તિઓ છે. જેમની શસ્ત્રોકત પ્રાણપ્રતિષ્ઠા વેદ પ્રચુર અગ્નિહોત્રી સ્વ. મહાશંકર છન્નુ મહારાજ તથા સ્વ. પ્રકાંડ પંડિત શ્રી નિલકંઠભાઈ શુકલના હસ્તે થઈ છે આ મંદિરનું દર્શન જીવનને સાર્થકતા આપનારું છે. જય અંબે

# ભાવથી સભર, ભાવથી ભીનું-ભીનું ગોપીગીત

**પંચામૃત** — નીલાક્ષી પરીખ

બે પરિસ્થિતિમાં ખવાય, બે પરિસ્થિતિમાં જવાય. કોઈના ઘરે જવાનું બે પરિસ્થિતિમાં થાય. એક તો કોઈ પ્રેમથી બોલાવે, આમંત્રણ આપે ને આપણે એને ઘેર જઈએ. અથવા તો આપણે ભીડમાં આવ્યા હોઈએ અને એની પાસે કંઈ માંગવું હોય ત્યારે જઈએ. બે પરિસ્થિતિમાં ખાઈએ એક તો પ્રેમથી ખવડાવે તો અથવા તો પ્રાણ સંકટમાં હોય ને ખાઈ લેવું પડે. બીજી પરિસ્થિતિમાં ગીત ગાઈએ એક તો બહુ આનંદમાં હોઈએ ત્યારે આનંદ વ્યકત કરવા અથવા દિલમાં દર્દ ભર્યું હોય ત્યારે દર્દ વ્યકત કરવા ગાઈએ. પૂ. ગુરુદેવ કહે છે કે ગોપીગીતમાં ગોપીઓના દર્દની અભિવ્યકિત છે. નરસિંહ મહેતાએ પ્રેમરસ પીવડાવવાની જે પ્રાર્થના કરી છે તેવી જ અભિલાષા શ્રીકૃષ્ણ સાથે અભિન્ન રીતે જોડાયેલી વ્રજની ગોપીઓએ પ્રેમના સર્વોચ્ચ શિખર પર ચડી શ્રીમદ્ ભાગવતના 10 સ્કંધના 31 મા અધ્યાયના 19 શ્લોકમાં કરી છે જેને ગોપીગીત કહે છે. પૂ. ગુરુદેવ વ્યાપક અને અસીમ દિવ્ય પ્રેમને કવયિત્રી ઈંદિરા ઈંદુની પંક્તિ ટાંકી વર્ણવે છે. ‘પ્રેમ જબ અનંત હો ગયા, રોમ રોમ સંત હો ગયા. દેવાલય હો ગયા બદન, હૃદય તો મહંત હો ગયા.’ જીવનમાં જો પ્રેમતત્ત્વની જ બાદબાકી કરીએ તો પછી જે બચે તે જીવવા જેવું નથી કે નથી જીરવવા જેવું. પ્રેમનો ધર્મ અને મર્મ જાણવા, માણવા ને અનુભવવા ગોપીગીતના 19 શ્લોકની યાત્રા અનિવાર્ય રીતે કરવી. પૂ. ગુરુદેવ રાધા-કૃષ્ણ અને ગોપીગીતમાં સમાર્હિત છે. શરીરમાં પંચપ્રાણનું જે મહત્ત્વ છે તે જ મહત્ત્વ શ્રીમદ ભાગવતમાં રાસ પંચાધ્યાયીનું છે. ગોપીગીતમાં 19 શ્લોકો દ્વારા અશ્રુભીની આંખે અને ગદગદ કંઠે ગોપીજનો દ્વારા પ્રભુને પ્રગટ થવાનું નિવેદન કરવામાં આવ્યું છતાં પ્રભુ પ્રગટ ન થયા ત્યારે ગોપીઓ બધા સાધનોનો આશ્રય છોડી વિલાપ કરવા લાગી. ત્યારે ભગવાન ગોપીઓનાં મંડળમાં પ્રગટ થયા અને ગોપીઓ સાથે ભગવાને દિવ્ય મહારાસ રચી અલૌકિક સુખનો અનુભવ કરાવ્યો. ગોપીગીતનું શ્રવણ કરતાં આપણાં મનમાં એના શબ્દોની સુગંધ પ્રસરી જાય છે. તે શબ્દોમાં રહેલી વિરહની પીડા આપણને સ્પર્શે છે, હૃદયને ભાવની ભીનાશથી ભરી દે છે. ગુરુદેવના શબ્દોથી ગોપીગીતને જાણવા, માણવા ને અનુભવવાનો એક દિવ્ય આનંદ છે તે લૂંટીએ. ગુરૂદેવ કહે છે કે ગોપીગીત પર બોલવું એટલે જાણે હેલિકોપ્ટરથી સીધું કૈલાસ કે હિમાલય પર પહોંચવું. પણ જોખમ એ છે કે એ રીતે ત્યાં પહોંચ્યા પછી તમારું શરીર સંતુલિત નહીં રહે તો તમારું ત્યાં રહેવું જોખમકારક સિધ્ધ થાય. ધીમે-ધીમે બસ કે કારમાં યાત્રા કરવાનો આનંદ જ અનેરો છે. વળી તપસ્યા પછીના દર્શનની વાત જ કંઈ અલગ હશે! જેમ કે સત્યનારાયણની કથામાં તમે પહોંચી પૂજામાં શામેલ થાવ, આખી કથા સાંભળો



ને પછી જે પ્રસાદ મળે તેની વાત જ કંઈ ઓર છે એ સૌનો અનુભવ હશે. અને કેટલાંક 5 માં અધ્યાયની ઘંટડી વાગે ત્યારે આરતીના સમયે આવે પ્રસાદની આશાથી એમાં ફર્ક છે. ભાગવતની કથા ધીરે-ધીરે સાંભળતા 5 માં દિવસે 10 માં સ્કંધ સુધી પહોંચીએ ત્યારે રાસલીલાની કથા આવે. મતલબ એક ધીરજ સાથે યાત્રાનો આરંભ કર્યો હોય છે. જ્યારે સીધી સીધા ગોપીગીતના શબ્દો સાંભળીએ તો એ હેલિકોપ્ટરમાં બેસી કૈલાસ પહોંચવાનો ખતરો હશે. કારણ? ગોપીગીતના શબ્દો સાંભળી શકીશું પણ ગોપીગીતમાં ગોપીઓ ના હૃદયના ભાવોની જે ઊંચાઈ છે તે ઊંચાઈને સ્પર્શવાથી આપણે વંચિત રહી જઈશું. પ્રેમ એ અનિર્વચનીય તત્ત્વ છે. એને માટે કહી શકાય કે ‘ગૂંગે ખાઈ શર્કરા, ખાઈ ઔર મુસ્કાઈ’ અર્થાત ‘ગૂંગેકા ગુડ’ ગૂંગો બોલી ન શકે એણે ગોળની મીઠાશનો અનુભવ તો કર્યો પણ વર્ણન કરવા વાણી નથી પ્રેમ અને પરમાત્મા એ વાણીનો વિષય નથી. અનુભવનો વિષય છે. પ્રેમ વિષે બોલી ન શકાય, બોલીને બતાવી ન શકાય. ગોપીઓના હૃદયના ભાવને શબ્દોમાં વ્યકત કરવું અસંભવ કાર્ય છે. છતાં પ્રયાસ એટલા માટે કરવાનો કે આપણા એ પ્રયાસને જોઈને પરમાત્મા પીગળી જાય! અથવા તો શ્રીકૃષ્ણ ભગવાનની પ્રેમિકાઓ, ગોપીઓ થોડો અનુગ્રહ કરે અને ભલે ને અંશમાત્ર પ્રસાદના અધિકારી બની શકીએ તો પણ ધન્ય થઈ શકાય. ભકિતમાર્ગમાં હૃદય, હૃદયના ભાવ જ કેન્દ્રમાં છે. વળી હૃદય પણ કેવું ? ભાવથી સભર. ભાવથી ભીનું-ભીનું વાસ્તવમાં જે રુવે છે તે જ તો દિલ છે ને ? પૂ. ગુરુદેવનો સત્પ્રયાસ પણ એ જ રહ્યો છે કે ગોપીગીત સૌને સ્નેહથી યુકત કરે અને પ્રભુ પ્રેમ દઢ કરવામાં સહાયક બને. જે રીતે હૃદયનું મહત્ત્વ છે તે રીતે 10માં સ્કંધનું પણ મહત્ત્વ એટલા માટે છે કે ભગવાન શ્રીકૃષ્ણનું ત્યાં પ્રાગટય થાય છે. ભગવાન રહે છે કયાં ? ભગવાન બધાના હૃદયમાં પણ એની સમગ્ર સત્તા શરીર પર આધિપત્ય જમાવીને બેઠી છે. એટલે માર્મિક ભાગમાં કોઈ ચોટ પહોંચે છે તો પીડા થાય છે કેમ કે તે ચેતના વ્યાપક છે.

તેની સત્તા આખા શરીર પર છે. રાજાથી દૂર દૂર એના રાજ્યમાં કોઈ ચોર ચોરી કરે તો તેને બીક લાગે છે. કેમ કે રાજા ભલે ત્યાં ન હોય પણ તેની સત્તા તો ત્યાં છે જે પ્રકારે રાજા ભલે રાજધાનીમાં હોય પણ તેની સત્તા તેના રાજ્યની ભૂમિના કણ-કણમાં છે એ જ રીતે પરમાત્મા ભલે આપણા હૃદયમાં વસતા હોય પણ તેની સત્તા શરીરના પ્રત્યેક ભાગમાં હોય છે. હાથ કપાઈ જાય તો મનુષ્ય મરી જતો નથી. નાક કપાશે તો મરશે નહીં, એક કિડની કાઢીને કોઈને તેનું દાન કરવામાં આવે તો પણ મનુષ્ય મરશે નહીં. પણ હૃદયમાં એક ગોળી વાગે તો મનુષ્ય મરી જાય છે. તો બુધ્ધિ અને હૃદયનું મહત્ત્વ ખૂબ જ છે તેથી જ ભગવાન આપણી પાસે બુધ્ધિ અને હૃદયનું મહત્ત્વ ખૂબ જ છે. તેથી જ ભગવાન આપણી પાસે બુધ્ધિ અને હૃદય બંને માંગે છે.

ભગવાન કહે છે ‘તારું મન તું મારામાં લગાવ. તારી બુધ્ધિનો પ્રવેશ મારામાં કરાવ’ શુધ્ધ મન વસુદેવ અને દેવમયી બુધ્ધિ દેવકી છે. વસુદેવ અને દેવકીનો વિવાહ થશે જ ત્યારે જ શ્રીકૃષ્ણનું પ્રાગટ્ય થશે. 10મા સ્કંધના પ્રારંભમાં જ ભગવાનનું પ્રાગટય થાય છે. 9 સ્કંધની કથા એ માતાના સગર્ભાવસ્થામાં રહેલા 9 માસના શિશુ સમાન છે. જે રીતે 9 માસ પૂર્ણ થતા 10 મા માસના પ્રારંભે બાળક અવતરે છે બસ એ જ પ્રકારે 10 મા મહિનાના આરંભમાં ભગવાનનું પ્રાગટય થાય છે. ગોપીગીત શ્રીમદ ભાગવતનું સર્વોચ્ચ શિખર છે તે ગોપીગીતમાં ગોપીની વિરહ દશાનું તાદશ ચિત્રણ છે. આ શિખર છે પણ યાત્રાનો આરંભ કયાંથી થયો ? શ્રીકૃષ્ણ પ્રાગટ્યથી લઈને રાસ પંચાધ્યાસ સુધીની યાત્રાનું અવલોકન

> ગોપીગીતમાં 19 શ્લોકો દ્વારા અશ્રુભીની આંખે અને ગદગદ કંઠે ગોપીજનો દ્વારા પ્રભુને પ્રગટ થવાનું નિવેદન કરવામાં આવ્યું છતાં પ્રભુ પ્રગટ ન થયા ત્યારે ગોપીઓ બધાં સાધનોનો આશ્રય છોડી વિલાપ કરવા લાગી

કરશો તો તે સાધનાની યાત્રા છે. જે પ્રકારે ભગવાનના મિલન પછી સાધકે યોગ્યતા કેળવવી પડે છે અને એમાં પણ મજા એ છે કે સાધક ભગવાનની કૃપાથી જ યોગ્ય બને છે. જે પ્રકારે મા-બાપ બાળકને પાળી-પોષી યોગ્ય તાલીમ આપી યોગ્ય બનાવે છે તે જ રીતે ભગવાન પણ કૃપા કરી સાધકને યોગ્ય બનાવે છે. જુઓ, અવિદ્યારૂપી પૂતનાનો નાશ કોણે કર્યો ? શું ગોકુળ વાસીઓએ પૂતનાને મારી ? ના, અવિદ્યાને મારવાની તાકાત આપણામાં ક્યાંથી હોય ? આપણે તો ભગવાન પ્રત્યે સમર્પિત થઈને કહેવાનું ‘કૃષ્ણ તવાસ્મિ’ તો તમારી રક્ષા કરવાની જવાબદારી ભગવાનની. શકરભંગ દ્વારા જે જડતા હતી, સંસાર પ્રત્યેની આસકિતને કારણે આવેલી જડતા ને દૂર કરી. અંતમાં ભગવાન વ્રજવાસીને વૈકુંઠધામના દર્શન કરાવે છે. પૂછે છે કે કયાં રહેવું છે? વૈકુંઠમાં કે વ્રજમાં? કહે છે ‘મારું વૃંદાવન છે રૂડું કે વૈકુંઠ નહીં રે આવું’ મતલબ ઈહલોક કે પરલોકના સુખની કોઈ ઈચ્છા ન રહે મતલબ જેને કંઈ નથી જોઈતું કેવળ કૃષ્ણ જ જોઈએ છે ત્યારે રાસલીલાની ક્ષણ આવે છે. ગોપીઓ કૃષ્ણ પાસે કંઈ નથી માંગતી કૃષ્ણને માંગે છે. આ કૃષ્ણ પ્રેમીમસ્તાની ગોપીઓના પ્રેમની વાતો હવે પછી.

(પૂ. રમેશભાઈ ઓઝા (પૂ. ભાઈશ્રી)ના સત્સંગને આધારે)